બાયડ શહેરમાં ગણપતિ વિસર્જનમાં ધર્મભક્તિ સાથે દેશભક્તિનો અદભુત માહોલ

ગણેશ ચતુર્થીના દિવસથી સમગ્ર ગુજરાતમાં વિઘ્નહર્તા દેવ ગણપતિ દાદાનું સ્થાપન કરવામાં આવ્યું છે. બાયડ શહેરમાં પણ ઠેર ઠેર વાજતે-ગાજતે શ્રીજીની પધરામણી કરી હતી. ત્રણ દિવસ સુધી આરાધના કર્યા પછી બુધવારે ''અગલે બરસ જલ્દી આના બાપ્પા મોરિયાના'' નાદ સાથે ભવ્યાતિભવ્ય વિસર્જન યાત્રા યોજાઈ હતી. વિસર્જન યાત્રામાં પુલવામાંમાં શહીદ જવાનોના બેનર સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વિસર્જનયાત્રામાં અમદાવાદના અખાડાબાજોએ કરતબ બતાવ્યા હતા. મુસ્લિમ બિરાદરોએ ગણપતિદાદાને ફુલહાર કરી વિસર્જનયાત્રામાં જોડાયેલા ભક્તો માટે શરબત અને ઠંડા પાણીનું વિતરણ કર્યું હતું. પૂર્વ ધારાસભ્ય સહીત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાઈ ગણપતિ દાદાને વિદાઈ આપી હતી. બાયડ પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

ધંબોલીયા ગામમાં યુ.જી.વી.સી.એલ. દ્વારા

વીજ પુરવઠો બંધ કરી મીટર કાઢી જતાં ભર ચોમાસે પરીવારજનો અંધારામાં અટવાયા

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામમાં યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર કર્મચારીઓ ધ્વારા વીજ પુરવઠો બંધ કરી મીટર એકાએક કઢાવી લેતાં ચોમાસાની સિઝનમાં આખો પરીવાર માખી,મચ્છરોના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યો છે. ધંબોલીયા ગામમાં માલીકીની જમીનમાં છેલ્લા પાંચ વર્ષથી પોતાનું મકાન બનાવી રહેતા રાઠોડ ભમરસિંહ મુળસિંહ છેલ્લા પાંચ વર્ષથી વીજ પુરવઠો સનદ,કર ભર્યાની પહોંચ વિગેરે દસ્તાવેજ, પુરાવાના અધારે વીજ કનેકશન યુ.જી.વી.સી.એલ. ધ્વારા મેળવ્યું હતું. ધંબોલીયા ગ્રામ પંચાયત મકાન નંબર. ૪૦૦ ની નોંધ થયેલ છે તેમ છતાં ભમરસિંહના સગા કાકાના દીકરા નરેન્દ્રસિંહ અભેયસિંહ રાઠોડએ ગ્રામ પંચાયતનો રેકોર્ડ ખોટો હોવાની રજુઆત યુ.જી.વી.સી.એલ. ઓફીસ શામળાજી ખાતે કરતાં યુ.જી.વી.સી.એલ.ના અધિકારીએ નિયમો અને દસ્તાવેજોની કોઈ પણ જાતની ગણના કર્યા સિવાય વીજ કનેક્શન નિયમોની ઐસી-તૈસી કરી વીજ પુરવઠો બંધ કરતા પરીવાર ભર ચોમાસામાં મચ્છરો, જીવજંતુઓથી ત્રાહિમામ પોકારી ગયો છે.એક તરફ સરકાર ઘરે-ઘરે વીજળી પહોંચાડવા માટેની મોટી મોટી બુમરાણો મચાવે છે ત્યારે અધિકારીઓ ધ્વારા મનસ્વીપણે કાયદો હાથમાં લઈને વર્ષોથી ચાલતા વીજ કનેકશનો એકાએક બંધ કરે છે ત્યારે પુનઃ વીજ ગ્રાહક ધ્વારા યુ.જી.વી.સી.એલ.ને દસ્તાવેજી પુરાવા પુરા પાડેલ હોવા છતાં વીજ પુરવઠો કેમ ચાલુ થતો નથી તેમ ચર્ચાય છે.

યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ ધ્વારા અંધેરી નગરીને ગંડુરાજા જેવો અંધેર વહીવટ ચાલી રહ્યો છે. ધંબોલીયા ગામના પરીવારજનોએ જણાવ્યું હતું કે અધિકારીઓ વીજ પુરવઠો સત્વરે શરૂ નહી કરે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી ઉચ્ચારી હતી.

આજે હિંમતનગરમાં શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારંભ યોજાશે

હિંમતનગર, તા. ૪

સમગ્ર દેશમાં પમી સપ્ટેમ્બરના રોજ ડૉ. સર્વલલ્લી રાધાકૃષ્ણની યાદમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે ત્યારે તેના ભાગરૂપે ગુરૂવારે હિંમતનગરના ટાઉનહોલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજન કરાયુ છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસના જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૯માં જિલ્લા અને તાલુકા કક્ષાએ શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકો પૈકી ૯ શિક્ષકોનું ખાસ સન્માન કરાશે. જેમાં પાંચ શિક્ષકો તાલુકાકક્ષાના તથા ચાર શિક્ષકોની જિલ્લાકક્ષાની કામગીરીને ધ્યાને લેવાઈ છે. આ પ્રસંગે પોલીસ આવાસ નિગમના ચેરમેન ડી.ડી. પટેલ, સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર સહીત જિલ્લા વિકાસ અધિકારી અને શિક્ષણ સમિતિના ચેરમેન તથા જિલ્લાના શિક્ષકો ઉપસ્થિત રહેશે.

ચિઠોડામાં થયેલી ત્રણ ચોરીનો ભેદ ઉકેલાયો

હિંમતનગર, તા. ૪

વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કોડીયાવાડા તથા દઢવાવમાં એક વર્ષ અગાઉ થયેલી ત્રણ ચોરીનો પોલીસે તાજેતરમાં ભેદ ઉકેલીને પાંચ પૈકી ચાર ઈસમોને ઝડપી લીધા હતા અને તેમની વધુ પુછપરછ હાથ ધરવામાં આવી હતી.

આ અંગે ચિઠોડા પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એક વર્ષ અગાઉ ભીમજીભાઈ કાનજીભાઈના ઘરમાંથી કેટલીક માલમત્તાની ચોરી થયાની ફરીયાદ ચિઢોડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. તેજ પ્રમાણે સામૈયા ગામે રહેતા અર્નેષ્ટભાઈ થીયોફિકલ ભણાતના ઘરમાંથી પણ કેટલાક શખ્સોએ ચોરી કરી હતી. આ ઉપરાંત કોડીયાવાડા ગામે રહેતા રામજી મનજીભાઈ પટેલના ઘરમાંથી પણ ગત તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ચોરી થયાની ફરીયાદ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

રાંધેજા માર્ગ પર મહાકાળી પ્રસાદ સેવા કેન્દ્રનો આવતીકાલે પ્રારંભ થશે

સતત ૧૬માં વર્ષે વકીલ મિત્ર મંડળના સહયોગથી પદયાત્રિઓની સેવા માટે સેવા કેન્દ્ર કાર્યરત થશે : મહાઆરતીની સાથે માઇભક્તોને મહાપ્રસાદનુ વિતરણ કરાશે : રોજ રાત્રિના જાણીતા કલાકારો દ્વારા ગરબાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર તા ૪

જય અંબેના જયઘોષ સાથે નગરના માર્ગો પરથી અંબાજી જતા પદયાત્રીઓ પસાર થઇ રહ્યા છે. હૈયામાં હામ અને પગમાં જોમ જુસ્સા સાથે અનોખી શ્રધ્ધાનુ ભાથુ બાંધીને પગપાળા માતાજીના દર્શન માટે નિકળેલા પદયાત્રિકોની સેવા કાજે શહેરના માર્ગો પર ઠેર ઠેર સેવા કેન્દ્રો પણ કાર્યરત થઇ ગયા છે. મહાકાળી મહાપ્રસાદ કેન્દ્ર તેમજ વકીલ મિત્ર મંડળ દ્વારા સતત ૧૬ માં વર્ષે પદયાત્રિકોની સેવા માટે ગાંધીનગર રાંધેજા માર્ગ પર આગામી તા ૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ કલાકે સેવાકેન્દ્રનો પ્રારંભ કરવામાં આવશે. પરમવિદુષી બાલયોગીની સાધ્વી પુ ગીતાદીદી આ સેવાકેન્દ્રનુ ઉદઘાટન કરશે.

ભાદરવી પુનમ નિમિત્તે અંબાજી પગપાળા જતા પદયાત્રિકો માટે રૂટમાં ઠેર ઠેર સેવાકેન્દ્રો કાર્યરત થઇ ગયા છે. જયારે પદયાત્રિકોની સંખ્યામાં પણ દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે. મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર તેમજ વકીલ મિત્ર મંડળના સહયોગથી આગામી તા ૬ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર રાંધેજા માર્ગ પર સેવાકેન્દ્રનો શુભારંભ કરાશે. આ પ્રસંગે મહાઆરતીનો કાર્યક્રમ પણ યોજાશે.સતત ચાર દિવસ સુધી ૨૪ કલાક કાર્યરત રહેનારા આ સેવાકેન્દ્રમાં તા ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ગુજરાતી ફિલ્મ અભિનેતા પ્રકાશ રાઠોડ, હરેશ રાવતના માધ્યમથી ગરબાનો કાર્યક્રમ યોજાશે. જયારે તા ૮ સપ્ટેમ્બરના રોજ રતનસિંહજી વાઘેલા હિરલ ડાભી તેમજ આશા યોગી સહીતના કલાકારો ગરબાનો કાર્યક્રમ રજુ કરશે.

પદયાત્રિકો માટે હરિભાઇ પુરોહિત મહાપ્રસાદ તૈયાર કરશે. આ સેવાકેન્દ્રના આયોજન માટે ડો શંકરસિંહ રાણા, મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલ, શંકરસિંહ એસ ગોહીલ, ડૉ. હિમાશું પટેલ, કરણસિંહ વાઘેલા , પિનાકીન રાવલ, પ્રદિપસિંહ વાઘેલા, લાલસિંહ ગોહીલ, આશાબેન ચૌધરી, અડવોકેટે વિજય ત્રિવેદી, બી આર શર્મા, અતુલ પંડયા, પ્રકાશ પટેલ, અશ્વિન ત્રિવેદી અશ્વિન જાની સહિતના વકીલો પણ સહયોગ પુરો પાડશે. સેવાકેન્દ્રના ઉદઘાટન પ્રસંગે વકીલ મિત્રો સહીત ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

ભારતીય જીવન વિમા નિગમ દ્વારા ૬૩ માં સ્થાપના દિવસને અનુલક્ષીને સે-૧૬ માં મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ તેમજ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આલમપુર ગામની દુધ મંડળીમાં નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનુ આયોજન કરાયુ હતુ. આ તબક્કે નિગમના વિરિષ્ઠ પ્રબંધક મંડલ કે આર બાલાસુબ્રમણ્યમ માર્કેટીંગ મેનેજર મધુકર અસ્થાના સહીતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા કલેકટર એમ.નાગરાજનનો વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી એમ.નાગરાજ આઇ.એ.એસ.ની બદલી કચ્છ-ભૂજ કલેકટર તરીકે થતાં આજરોજ અરવલ્લી કલેકટર કચેરીના સભાખંડમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદાય સમારંભમાં અધિકારીઓ તથા સામાજીક આગેવાનોએ કલેકટરને શાલ ઓઢાડી શ્રીફળ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઇ શાહ, કેડાઈ પ્રમુખ કમલેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, મહેન્દ્રમામા, અધિક કલેકટર આર.જે. વલવી, જીલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, પ્રાયોજના વહીવટદાર દેવરા, મોડાસા પ્રાંત અધિકારી ઈલાબેન આહીર તથા સામાજીક આગેવાનો અને જિલ્લાના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

ખેડબ્રહ્મા કોલેજમાં વિદ્યાર્થી અભ્યાસ શિબિર

ખેડબ્રહ્મા, તા. ૪

'આનર્ત ગુજરાતીનો અધ્યાપક સંઘ' (અગાસ) અને ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧-૮-૨૦૧૯ શનિવારના રોજ બી.એ. સેમ.૫ (ગુજરાતી)ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ-શિબિર યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થિની રબારી જયાએ રજૂ કરેલ પ્રાર્થનાથી થઈ હતી. ડૉ. કે.એન. બ્લોચે પ્રાસંગિક વક્તવ્ય આપી સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. એ પછી 'અગાસ'ના સ્થાનિક મંત્રી તરીકે ડૉ. એમ.કે. ખેરે અગાસની વિવિધ વિદ્યાકીય પ્રવૃતિ વિશે માહિતી આપતાં શિબિરની ભૂમિકા બાંધી આપી હતી. ત્યારબાદ પ્રા. આરતી પી. રાઠોડ (શેઠ શ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ, વડાલી)એ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી 'ભરતનું રસસૂત્ર' વિશે, ડૉ. મનીષા વી. દવે (ટી.એમ. શાહ મહિલા કોલેજ, ઈડર)એ પણ પીપીટીના આધારે 'ગુજરાતી ભાષાની શબ્દસમૃદ્ધિ (શબ્દભંડોળ)' વિષય પર તથા ડૉ. બાબુભાઈ જી. પરમાર (એસ.એસ. મહેતા આર્ટસ અને એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર)એ 'કાવ્યાસ્વાદની પ્રક્રિયા' વિષય પર વિદ્યાર્થીલક્ષી વ્યાખ્યાન આપ્યું હતું.

ખાનગી શાળાઓને શરમાવે તેવી પરોયાની ડિજીટલ શાળા

ધો. ૧માં પ્રવેશ લેતા બાળકો માટે શાળામાં અલાયદો તત્પરતા વર્ગની વ્યવસ્થા

હિંમતનગર, તા. ૪

૨૧મી સદીમાં લોકોને ભૌતિક સુખોની સાથે શિક્ષણની ભુખ લાગી છે. ત્યારે ગુજરાત સહીત દેશમાં અનેક ઠેકાણે એકએકથી ચઢીયાતી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જાણે કે વેપલો કરવા બેઠી હોય તેમ વિદ્યાર્થીઓ અને વાલીઓને લાલચો આપીને પોતાની શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ લેવડાવ્યા બાદ તેમનું વિવિધ સુવિધાઓના નામે વિદ્યાર્થીઓ અને વાલીઓનું આર્થિક શોષણ કરી રહ્યા છે. ત્યારે સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના પરોડા ગામે આવેલી એક સરકારી ડિજીટલ શાળાએ વિદ્યાર્થીઓ માટે અનોખી વ્યવસ્થા ઉભી કરીને નવો ચીલો ચાતર્યો છે.

વાત જાણે એમ છે કે અરવલ્લીની ગીરીકંદરાઓમાં કુદરતના સૌંદર્યનો જેને અખુટ ભંડાર પ્રાપ્ત થયો છે તેવા ખેડબ્રહ્મા તાલુકાની પરોયા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા પ્રથમ નજરે સરકારી શાળા લાગે છે. પરંતુ ખેડબ્રહ્માની નવ કિલોમીટરના અંતરે આવેલા આ ગામની સરકારી શાળાના શિક્ષકોએ પોતાની ફરજના ભાગરૂપે તથા એક શિક્ષક સો માતાની ગરજ સારે તે કહેવતને યથાર્થ કરી છે.

આ શાળામાં ધો. ૧માં પ્રવેશ લેતા બાળકો માટે અલગથી શાળા તત્પરતા વર્ગ રખાયો છે. આ શાળામાં અત્યારે અંદાજે ૨૫૦ બાળકો એક જ છત નીચે ભાવિ જીવન ઘડતર માટેના પાઠ ભણી રહ્યા છે. ડિજીટલ શાળા તરીકે ઓળખાતી આ શાળામાં કોઈ બાળક ગરીબ કે તવંગર નથી ગામમાં પુસ્તકાલય પણ નથી તેમ છતાં બાળકો દ્વારા રજાના દિવસે વાંચનનો રસ ધરાવતા લોકોને ઘરે ઘરે ફરીને પુસ્તકો આપવામાં આવે છે. જેના થકી બાળકમાં સમાજ પ્રત્યેની પોતાની ફરજ સમજાવે છે. શાળામાં ધો. ૯ અને ૮માં ભણતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ બાળકોને ભણવા માટે પ્રોજેક્ટના માધ્યમથી ભણાવાય છે. જેની સફળતા બાદ ધો. ૫ અને ૬માં પણ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલી બનાવી દેવાયો છે.

શિક્ષકો દ્વારા આ પ્રવૃતીને ઝોળી પુસ્તકાલય નામ અપાયુ છે. પહેલા શાળાના પુસ્તકો અપાતા હતા પરંતુ લોકોમાં આવેલી જાગૃતિ આવતા ગામમાં કોઈનો જન્મદિવસ હોય તો શાળાને પુસ્તકોનું દાન કરવામાં આવે છે. જે પુસ્તકો ગામના યુવાનોને સ્પર્ધાત્મક ઉપયોગી બને છે. ઓછામાં પુરૂ શાળામાં ભણતા બાળકોમાં ધાર્મિક સંસ્કાર કેળવાય તે માટે ગાયત્રીયજ્ઞ, માતૃપિતૃવંદના અને રક્ષાબંધનના દિવસે વડીલોનો ઋણ સ્વીકાર કરાય છે.

આ શાળામાં દર ગુરૂવારે બાળકોને નખ, કાન અને સ્વચ્છતા વગેરેની બાળકોના ડોક્ટર દ્વારા શારિરીક તપાસ કરવામાં આવે છે. અગત્યની વાત એ છે કે શાળામાં છોકરાઓ અને છોકરીઓની હાજરી ધ્વજથી આપવામાં આવે છે. ત્યારબાદ જેની હાજરી શાળામાં વધુ હોય તેમનો ધ્વજ શાળાના મકાન પર લહેરાવાવની પ્રથાને કારણે મોટાભાગના બાળકો શાળામાં નિયમીત રીતે આવે છે.

પરોયાની આ ડિજીટલ શાળાને વર્ષ ૨૦૧૪માં સી ગ્રેડ મળ્યો હતો. જેને વર્ષ ૨૦૧૮-૧૯માં એ ગ્રેડ પ્રાપ્ત થતા સરકાર દ્વારા રૂ. ૧૦ હજારનો પુરસ્કાર મળ્યો છે.

હોન્ડાએ ગુજરાતમાં માર્ગ સલામતીને વધારે મજબૂત બનાવવા ગુજરાત પોલીસ સાથે જોડાણ કર્યું

ભારતીય માર્ગોને વધારે સલામત બનાવવા પોતાની કટિબદ્ધતાને વધારે મજબૂત કરવા હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એચએમએસઆઈ) એ આજે ગુજરાતમાં એના માર્ગ સલામતી કાર્યક્રમને લીલી ઝંડી આપી હતી. ગુજરાત પોલીસ સાથે જોડાણમાં આ પ્રોગ્રામનો ઉદ્દેશ માર્ગ અકસ્માતનાં પીડિતોને ઝડપી સહાય પ્રદાન કરવાનો અને તેમનાં જીવનને બચાવવાનો છે.

પોતાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પૂર્ણ કરીને હોન્ડા રવ્હીલર્સ ઈન્ડિયા અત્યારે ગુજરાત પોલીસને મોટરસાયકલ પ્રદાન કરે છે. આ મોટરસાયકલ રિવોલ્વિંગ ફ્લેશર્સ અને બ્લિન્કર્સ, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, સાયરન, ફ્લેશ લાઈટ, મોટરસાયકલદીઠ બે હોન્ડા સેફ્ટી હેલ્મેટ અને ક્રૂઝર સાઈડ બોક્ષ જેવી આધુનિક પોલિસિંગ ખાસિયતોથી સજ્જ છે. આ મોટરસાયકલ ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રુપાણી, ગુજરાત રાજ્યનાં ડાયરેક્ટર જનરલ એન્ડ ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ આઈપીએસ શિવાનંદ ઝા, ગાંધીનગરનાં સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, આઈપીએસ મયુર જે. ચાવડા અને હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનાં જનરલ અને કોર્પોરેટ અફેર્સનાં ડાયરેક્ટર હરભજન સિંઘ તથા રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસનાં અન્ય વરિષ્ઠ મહાનુભાવોની હાજરીમાં પોલીસને આપવામાં આવ્યાં હતાં.

આ પહેલ વિશે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનાં જનરલ અને કોર્પોરેટ અફેર્સનાં ડાયરેક્ટર હરભજન સિંઘે કહ્યું હતું કે, ''જવાબદાર કોર્પોરેટ તરીકે હોન્ડા રવ્હીલર્સ આપણાં સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. ગુજરાત અમારી કર્મભૂમિ છે, કારણ કે અમે સંયુક્તપણે વૃદ્ધિ અને વિકાસની લાંબી મજલ કાપી છે. હોન્ડામાં અમે સામુદાયિક પ્રગતિમાં પ્રદાન કરવા કટિબદ્ધ છીએ અને ગુજરાતમાં અમે લોકો સાથે વિશિષ્ટ જોડાણ ધરાવીએ છીએ. ઉપરાંત તમામ નાગરિકો માટે સલામતી સુનિશ્ચિત કરવા આજે અમે ગુજરાત પોલીસ સાથે હાથ મિલાવ્યાં છે અને તેમને હોન્ડા મોટરસાયકલની ભેટ ધરી છે. આ કસ્ટમાઈઝ મોટરસાયકલ રાજ્યમાં તેમને અપરાધ અટકાવવામાં મદદરૂપ થશે.''

હેવમોર ઈટરી હવે નવી ઓળખ સાથે 'HOCCO Eatery'

ચોના પરિવાર-હેવમોર આઈસ્ક્રીમ, ૧૯૪૪ રેસ્ટોરન્ટ્સ, હેવમોર રેસ્ટોરન્ટ્સ, હેવમોર ઈટરીના સ્થાપક અને નિર્માતાઓ અને હુબર એન્ડ હોલી, હવે HOCCO Eatery- જે એક સંપૂર્ણ નવી આધુનિક-ભારતીય ક્યુએસઆર બ્રાન્ડ સાથે લિજેન્ડરી ક્લાસિક્સ, વાનગીઓની એવોર્ડ વિજેતા ટેકનિક્સ અને આધુનિક ડેઝર્ટ અને ફૂડ કન્સેપ્ટ્સને એક સાથે લાવીને લોન્ચ કરી રહેલ છે.

હેવમોર આઈસ્ક્રીમ જેવી ભારતની ઝડપથી વિકસતી આઈસક્રીમ બ્રાંડના વેચાણ પછી, કોરિયન મેજર-લોટ્ટે સાથેના લેન્ડમાર્ક ડીલમાં, ચોનાએ તેમના ફૂડ બિઝનેસને આગળના લેવલે લઈ જવા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. જેમા તેમણે હેવમોર આઈસક્રીમ સાથે કરેલ તેમ, આજે તેઓ ફૂડ બિઝનેસ સાથે કરી રહ્યા છે-ચણા પુરી, કટલેસ અને સમોસા જેવા મૂળ ફેમિલી રેસિપી ક્લાસિક્સને ફ્રીક શેક્સ અને ક્રિએશન્સ જેવા આધુનિક ડેઝર્ટ કન્સેપ્ટ્સ જેવી વાનગીઓની ટેકનિક્સ સાથે ગોઠવીને ફૂડ સર્વિસ તરફ નવી જ રીતે જોવાનો દૃષ્ટિકોણ ઉભો કર્યો છે.

જ્યારે પૂછવામાં આવ્યુ કે HOCCO શા માટે - અંકિત ચોના કહે છે કે, ''HOCCO એટલે હાઉસ ઓફ ચોનાસ કોલેબરેટિવ - HOCCO - તે એક એનર્જેટિક અને વાયબ્રન્ટ-ગતિશીલ નામ છે. આધુનિક ગુજરાત અને યુવા ભારત માટેની બ્રાંડ છે. HOCCO વારસા અને કૌશલ્ય સાથેની એક યુવા બ્રાંડ છે. સૌ કોઈ ઝંખે તેવી અને તાજગીભરી-તેની શરૂઆતથી સાત દાયકામાં પરિવર્તન પામતી રહેલ - તે ભવિષ્ય છે.''

પ્રદીપ ચોના-૬૫ વર્ષીય ફૂડ વેટરને બેઠકને સંબોધન કરતાં કહ્યું કે, ''આપણા ભાવિને સમજવાનું પ્રથમ પગલું એ હતું કે અમારાં રેસ્ટોરન્ટ્સ અને ઈટરીઝનું નવેસરથી બ્રાંડિંગ કરવું, ફરીથી સ્થાન પ્રાપ્ત કરવું, અમે દરેક વસ્તુ પર ધ્યાન આપી રહ્યા છીએ અને ગ્રાહકો HOCCO Eatery નો અનુભવ કરશે, ત્યારે દરેક વખતે એનો અહેસાસ થશે. પરંતુ અમે આજે જ્યાં છીએ ત્યાં પહોંચવા માટે અમને મળેલ મૂળભૂત ચીજો બદલી નથી - તે છે સ્વાદ. તે પેઢીઓથી આઈકોનિક બનેલ છે અને આ વાનગીઓ આજે પણ તે પારિવારિક રહસ્યોને નિકટતાથી રક્ષે છે. જેમ અમે અમારા બધા સ્ટોર્સ દ્વારા હેવમોર આઈસક્રીમ ઓફર કરીએ છીએ તે રીતે અમારૂ એક ટીમ તરીકે આઈસક્રીમ સ્પિરિટ જાળવી રાખીને અમારા પેટન્સને સર્વશ્રેષ્ઠ ફૂડ એક્સપિરિયન્સ કરાવવો તેની પર ફોકસ છે.''

૧૫ કરારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી આપતા મોદીએ કહ્યું હતું કે, સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં ઉપકરણોમાં સ્પેરપાર્ટ્સ બંને દેશોના જોઈન્ટ વેન્ચર દ્વારા બનાવવા પર આજે સમજૂતિ થઈ ચુકી છે. ભારત અને રશિયા એક મલ્ટીપોલર દુનિયાના મહત્વને સમજે છે. અમે બ્રિક્સ અને એચસીઓ જેવા અનેક વૈશ્વિક મોરચા ઉપર એક સાથે કામ કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે સમજૂતિ અંગે માહિતી આપતા મોદીએ કહ્યું હતું કે, સંરક્ષણ જેવા ક્ષેત્રમાં રશિયન સંસાધનોના સ્પેરપાર્ટ્સ બંને દેશોના જોઈન્ટ વેન્ચર દ્વારા બનાવવા પર આજે સમજૂતિ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપશે. ભારત અને રશિયા એક મલ્ટીપોલર દુનિયાને સારીરીતે સમજે છે. અમે બ્રિક્સ અને એચસીઓ જેવા ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. અનેક વૈશ્વિક મંચ ઉપર સાથે કામ કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, ભારત અને રશિયાની વચ્ચે માત્ર પાટનગરો સુધી જ સંબંધ નથી. આ સંબંધના કેન્દ્રમાં પણ મુખ્યરીતે બંને દેશોના લોકોને જ રાખવામાં આવ્યા છે. ચેન્નાઈ અને વ્લાદિવોસ્તોક વચ્ચે એક દરિયાઈ રુટ બનાવવા ઉપર પણ પ્રસ્તાવ છે. મોદીએ કહ્યું હતું કે, બંને દેશો કોઈપણ દેશના આંતરિક મામલામાં દરમિયાનગીરી કરતા નથી. ભારતના એચ-એનર્જી ગ્લોબલ લિમિટેડ અને રશિયાના નોવાટેકે ભારત અને અન્ય બજારોમાં એલએન્ડજીના પુરવઠા માટે એક સમજૂતિ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયાના વ્લાદીમીર પુટિનની સાથે શિખર મંત્રણા માટે અહીં પહોંચવાના કેટલાક કલાકો બાદ જ આ સમજૂતિની જાહેરાત કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયાના પ્રમુખ પુટિન સાથે વાતચીતને લઈને પણ ઉત્સુકતા રહી હતી. મોદીએ પુટિનને પોતાના ખુબ નજીકના મિત્ર તરીકે ગણાવીને કહ્યું હતું કે, ઈસ્ટર્ન ઈકોનોમીક ફોરમ માટે તેમને મળેલા આમંત્રણની બાબત ખુબ સન્માનજનક છે. મોદીએ કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે સહકારને નવા સ્તર પર લઈ જવા માટે આ એક ઐતિહાસિક અવસર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગાઉ આજે સવારે બે દિવસની યાત્રા પર રશિયા પહોંચી ગયા હતા. મોદીએ ભારતીય સમય મુજબ સવારમાં ૫-૦૯ વાગે ટ્વીટ કરીને કહ્યુ હતુ કે તેઓ રશિયાના પૂર્વીય ક્ષેત્રના પાટનગર વ્લાદીવોસ્તોક પહોંચી ગયા છે. રશિયા ભારતના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે.

સ્ટાફની હડતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ આ સ્ટેન્ડ પર ફરજ બજાવતા ઓપરેટરો સાથે અન્યાય થઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ગુડા દ્વારા શહેરી વિસ્તારમાં અંદાજિત ૩૦ જેટલા સાયકલ સ્ટેન્ડ કાર્યરત કરાયા છે. જયારે આ સાયકલ સ્ટેન્ડ પર ૬૦ ઓપરેટરો તેમજ ૩ કારીગર, ૩ સુપરવાઈઝર અને એક ડ્રાઈવર સહીત ૬૭ નો સ્ટાફ કામ કરે છે. પરંતુ આ સ્ટાફના સભ્યોને સરકારી નિયમ મુજબ પગાર મળતો નથી. પ્રતિદિન ૮ કલાકની ફરજના અંતે પણ તેમને માત્ર સાડ છ હજાર રૂપિયા મળે છે. આ ઉપરાંત રજાનો લાભ પણ મળતો નથી. જેને અનુલક્ષી આગબબુલા બનેલા સ્ટેન્ડના ઓપરેટરો હડતાલ પર ઉતરી ગયા છે. ગુડાના આ સાયકલ સ્ટેન્ડના માધ્યમથી રોજબરોજ મોટી સંખ્યામાં નાગરિકો સાઈકલ સવારીનો લાભ લે છે. સવારના સમયે પણ આરોગ્ય સુખાકારી માટે નગરના માર્ગો પર ટ્રીન ટ્રીન સાઈકલ દોડતી નજરે પડે છે. સાઈકલ સ્ટેન્ડના ઓપરેટરો અચોક્કસ મુદતની હડતાલ રાખી ન્યાય માટે લડત આપશે.

આતંકી જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે યુપીએની સરકાર હતી. બીજો સુધારો ૨૦૦૮માં કરવામાં આવ્યો હતો જયારે ત્રીજો સુધારો ૨૦૧૩માં કરવામાં આવ્યો હતો. ગૃહમંત્રી અમિત શાહે કાનૂનના સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે, જો કોઈ આતંકવાદના પોષણમાં મદદ કરે, નાણાં ઉપલબ્ધ કરાવે છે, ત્રાસવાદી સાહિત્યની આપલે કરે છે અથવા તો ત્રાસવાદની થિયરી યુવાઓ સુધી પહોંચાડે છે તો તેને આતંકવાદી જાહેર કરવામાં આવી શકે છે. નવી યાદીમાં મસુદ અઝહર, દાઉદ અને હાફીઝ સઈદને સામેલ કરાયા છે.

બ્લાસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે આવતીકાલે એક લગ્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેના માટે ફેક્ટ્રીમાં મોટાપાયે ફટાકડાઓ તૈયાર કરવામાં આવી રહ્યા હતા. આ ગાળા દરમિયાન બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટના કારણે તરત આગ ફાટી નિકળી હતી. જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓના કહેવા